ગુ.મુ.નં.૧૯૦૭૬/૨૦૨૧

**આંક ૧ અન્વયે હુકમ**

ફરીયાદી--- શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી--- રાજદિપસિંહ ભગતસિંહ ગોહિલ
ઉ.વ. ૨૫, ધંધો. નોકરી
**રહે.** સી-૫૮ સાંઈધામ સોસાયટી આમ્રકુંજ પાસે ન્યુ વી.આઈ.પી.રોડ વડોદરા.

૧. આ કામે તા. ૦૪/૦૬/૨૦૨૧ ના રોજ, વર્તમાન આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ ના ગુના અંગેનું કલમ ૧૭૩ પ્રમાણે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

૨. આ કામે શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી ધ્વારા એવી રજુઆત કરી ગયેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

૩. આ કામે સમગ્ર ચાર્જશીટ વંચાણે લેતાં, આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ - ૧૮૮ ના ગુના અંગેનો આક્ષેપ છે. ત્યારે ફોજદારી કાર્યરીતી સંહીતાના પ્રકરણ-૧૪, કલમ-૧૯૦ વંચાણે લેવી જરૂરી છે. જેમાં મેજિસ્ટ્રેટ ધ્વારા ગુન્હાઓનો કોગ્નીઝન્સ લેવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કલમની શરૂઆતના શબ્દો વંચાણે લેવામાં આવેતો ''**આ પ્રકરણની જોગવાઈઓને આધિન**'' એટલે કે, કલમ ૧૯૫ ધ્યાને લેવી જરૂરી છે. આ કલમ વંચાણે લેતાં જાહેર નોકરના અધિકારનો તિરસ્કાર, ન્યાય વિરૂધ્ધના ગુન્હા તથા પુરાવામાં આપેલ દસ્તાવેજો સંબંધી **ગુન્હાઓ માટે ફોજદારી કાર્યરીતી** અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. કલમ-૧૯૫(૧)(ક)(૧) **કોઈપણ અદાલત ભારતીય દંડ સંહિતાની કલમ - ૧૭૨ થી ૧૮૮(બંને સહીત) હેઠળ સજા પાત્ર કોઈ ગુન્હાનું સંજ્ઞાન લઈ શકશે નહી.** સિવાય કે સંબંધીત જાહેર નોકર અથવા તે જેને આધિન હોય તેવા અન્ય કોઈ જાહેર નોકરની <u>**લેખિત ફરીયાદ**</u> એટલે કે, આ કાયદાની કલમ-૨(ઘ) મુજબની કરવામાં આવેલ હોય. આ કામે સદરહું ફરજિયાત કાયદાકીય જોગવાઈનું પાલન કરવામાં આવેલ ન હોય ત્યારે કલમ ૧૮૮ ના ગુન્હા અંગેનું સંજ્ઞાન ચાર્જશીટ ઉપરથી લઈ શકાય નહી. નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચેના ચુકાદાઓમાં આ કાયદાની કલમ ૧૯૦, કલમ -૧૯૫ વિગેરેની વિગતવારની ચર્ચા કરી તે મુદ્દાઓમાં એવું સ્પષ્ટ ઠરાવવામાં આવેલ છે કે, કલમ - ૧૮૮ ના ગુન્હા અંગેનું સંજ્ઞાન મેજિસ્ટ્રેટ ચાર્જશીટ ઉપરથી લઈ શકે નહી. <u>**૧.**</u> ક્રિમીનલ પરચુરણ

અરજી નં. ૩૧૨૬૪/૨૦૧૬, પરસોત્તમભાઈ ઓધવજી સોલંકી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તા.૦૪/૧૧/૨૦૨૦ **૨.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૧૬૭૫/૨૦૧૫, હાજી ઉસ્માન સુલેમાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, નિર્ણય તારીખ ૨૨/૦૧/૨૦૨૦ **૩.** સ્પેસિયલ ક્રિમીનલ અરજી નં. ૪૧૦૫/૨૦૧૭, મોહમંદ હુસેન મોહમંદ ઈરફાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તા. ૧૫/૦૨/૨૦૧૯ **૪.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૭૨૮૬/૨૦૧૭, મેરૂભાઈ મેદાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૦/૧૧/૨૦૧૭ **૫.** સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં. ૭૯૧૩/૨૦૧૭, જાહીદ ભગત વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૩/૧૧/૨૦૧૭ **૬.** ક્રિમીનલ અરજી નં. ૬૩૨/૨૦૧૫, ગોવર્ધનભાઈ ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૩/૦૪/૨૦૧૭ **૭.** સ્પેશ્યલ ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૬૨૪૪/૨૦૧૫, નરેન્દ્રસિંહ અર્જુનસિંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૨૭/૧૦/૨૦૧૫.

**૪.** આમ, આ કાયદાની કલમ–૧૯૦, કલમ – ૧૯૫ તેમજ ઉપરોકત ચુકાદાઓ લક્ષમાં લેતાં ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ ના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ શકાય નહી. તેવા સંજોગોમાં, હાલના કેસનું ચાર્જશીટ ફાઈલે કરી અને કેસનો નિકાલ કરવામાં આવે છે.

*તા.૧૦/૦૭/૨૦૨૧.*
*વડોદરા.*

*(પીયૂષ એ. પટેલ)*
*૦૮માં એડી. સિનીયર સીવીલ જજ*
*અને એડીશનલ ચીફ જયુડી.મેજી.*
*વડોદરા.( કોડ નં. જીજે૦૦૮૦૩)*